# Directorate of Technical Education, Gandhinagar
## નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર

| | |
|---|---|
| કર્મયોગી ભવન ,બ્લોક નં:૨ ,છઠ્ઠો માળ,<br>સેક્ટર-૧૦-એ, ગાંધીનગર - ૩૮૨૦૧૦ | Karmyogi Bhavan, Block No: 2, 6th Floor,<br>Sector - 10-A, Gandhinagar – 382 010 |
| (079) 232 53546<br>URL : http://dte.gswan.gov.in | FAX : (079) 232 53539<br>GRAM : EDUTECH(N) |
| E-MAIL : dteguj@yahoo.co.in, dire-dte@gujarat.gov.in | |


ક્રમાંક:સીટીઈ/ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ-બી(સીવીલ)/સી.ભ./૨૦૧૭/ઘ-૫ ૯૬૨૬૬ તા. 01 AUG 2017

<u>વંચાણે લીધા:-</u>

૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર/૧૧/૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫

૨. નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૪ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

૩. નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

૪. નાણા વિભાગના તા.૧૮-૦૧-૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

૫. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરના તા.૦૫-૦૬-૨૦૧૭ના જાહેરનામાં ક્રમાંક:ભરતી/૧૦૨૦૧૫/૧૫/ખ.૧

<u>કચેરી આદેશ-</u>

ઉક્ત વંચાણમાં લીધા ક્રમ (૫) માં દર્શાવેલ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ ની જગ્યા માટે પસંદ થયેલા નીચેના ઉમેદવારોને રૂા.૧૯૯૫૦/-ના ફીકસ પગારમાં નિમણુંક આપવા ફાળવણી કરતાં તેઓને ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ) તરીકે તેઓના નામ સામે દર્શાવેલ સ્થળે તદ્દન હંગામી ધોરણે ઉક્ત વંચાણમાં લીધા ક્રમ (૧) થી (૪) સરકારશ્રીના ઠરાવોની જોગવાઈઓ તેમજ નીચે જણાવેલ બોલીઓ અને શરતોને આધીન રહીને હાજર થાય તે દિવસથી કામચલાઉ નિમણુંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | નિમણુંકનું સ્થળ |
|---|---|---|
| 01 | MR. JAYVIRSINH HARPALSINH ZALA | GOVERNMENT POLYTECHNIC AHMEDABAD |
| 02 | MR. DIPAKKUMAR RAGHANATHBHAI CHOUDHARY | GOVERNMENT POLYTECHNIC AHMEDABAD |
| 03 | MR. RAKESHBHAI OGHADBHAI AHIR | GOVERNMENT POLYTECHNIC RAJPIPLA |
| 04 | MR. DIPAK KALUBHAI SENTA | SIR BHAVSINHJI POLYTECHNIC INSTITUTE BHAVNAGAR |
| 05 | MR. MOIN MUNAFBHAI SHAIKH | GOVERNMENT POLYTECHNIC DAHOD |

બોલીઓ અને શરતોઃ-

૧. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૬૭ની જોગવાઇ અનુસાર તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર-૧૧-૨૦૦૮-૪૩૩૭૧૭-ગ-૫ તથા નાણા વિભાગના તા.૦૬-૧૦-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭(પાર્ટ-૨)-ઝ.૧, તથા નાણાં વિભાગનાં તા.૨૦-૧૦-૨૦૧૪નાં ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)ઝ.૧ તેમજ નાણાં વિભાગનાં તા.૧૮-૦૧-૨૦૧૭નાં ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)ઝ.૧ ની જોગવાઇ અનુસાર, તેમની તેઓ હાજર થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ તરીકે રૂા. ૧૯૯૫૦/-ના માસિક ફીકસ પગારથી કરાર આધારે નિમણૂક આપવામાં આવે છે. આ નિમણૂક નામદાર સુપ્રિમકોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી. નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચુકાદાને આધિન રહેશે.

૨. વધુમાં, તેમને જણાવવામાં આવે છે કે, આ યાદી મળ્યા તારીખથી દિન-૭માં ઉપર દર્શાવેલ તેઓના નામ સામે દર્શાવેલ સંસ્થામાં હાજર થવામાં જો તેઓ નિષ્ફળ જશે તો, કોઇપણ જાતની સૂચના આપ્યા સિવાય તેમની નિમણુંક રદ કરવામાં આવશે. હાજર થવાની સમયમર્યાદા લંબાવવા બાબતે અને નિમણૂકના સ્થળમાં ફેરફાર કરવા માટેનો કોઇપણ જાતનો પત્રવ્યવહાર સ્વીકારવામાં આવશે નહીં.

૩. ઉમેદવારોએ હાજર થતી વખતે, સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૮-૨૦૦૮ના ઠરાવક્રમાંકઃસીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ૫ થી નિયત કરાયેલ અભ્યાસક્રમ મુજબનું કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતાં હોવાનું પ્રમાણપત્ર અચૂકપણે રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ કરાયેથી જ તેમને આ હુકમ અન્વયે હાજર કરવામાં આવશે.

૪. ઉમેદવારોની કરાર આધારે ફીકસ પગારથી કરવામાં આવનાર આ નિમણૂકની સેવાની શરતો અને બોલીઓ સામાન્ય વહીવટ વિભાગના ઉકત તા.૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણેની રહેશે.

૫. ઉમેદવારોએ હાજર થતી વખતે સામાન્ય વહીવટ વિભાગના ઉકત તા.૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવમાંની વિગતે આ સાથે બિડેલ પત્રક-૨ મુજબની બાંહેધરી આપવાની રહેશે.

૬. ઉમેદવારોએ હાજર થતી વેળાએ ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ની જગ્યાના ભરતી નિયમો મુજબની શૈક્ષણિક લાયકાત અને અનુભવ, ઉંમર, નાગરિકત્વ, જાતિ વગેરે બાબતોની જોગવાઇ સંતોષે છે, તે અંગેના અસલ પ્રમાણપત્રો તથા સ્વયં પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ સાથે હાજર થવાનું રહેશે. આવા અસલ પ્રમાણપત્રોની પૂરતી ચકાસણી અને ખાતરી કર્યા બાદ અધિકારીશ્રી ઉમેદવારને હાજર કરવાના રહેશે.

૭. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૦૧-૧૯૬૯ અને તા.૧૨-૦૧-૧૯૭૦ના પરિપત્ર ક્રમાંકઃ પીએસસી-૧૦૬૮-૬૫૬૪-જી તથા તા.૨૪-૧૧-૧૯૯૫ ના ઠરાવ ક્રમાંકઃવીસીએ-૧૦૮૯-યુ.ઓ.-૧૧૬-ગ-૨ માંની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂંક અને પૂર્વવૃત્તાંત પ્રમાણપત્ર/શારીરિક યોગ્યતા અંગેના પ્રમાણપત્રોમાં કશું વિરૂદ્ધ નહીં હોવાની શરતે અને શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર રજૂ કરવાની શરતને આધીન રહીને આ નિમણૂક આપવામાં આવે છે. તેઓએ આ અંગેની લેખિત બાહેંધરી આ સાથે બિડેલ નમૂનામાં (પત્રક-૩) નિમણૂક પૂર્વે સંબંધિત સંસ્થામાં રજૂ કરવાની રહેશે.

૮. ઉમેદવારોએ પાંચ વર્ષના કરારીય સમયગાળા દરમ્યાન ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય (તાલિમ અને પરિક્ષા) નિયમો, ૨૦૦૬ની જોગવાઇ મુજબ કોમ્પ્યુટર જ્ઞાનની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. ઉમેદવારે નિમણુંકવાળી જગ્યાએ હાજર થતાં પહેલાં અગાઉની સરકારી/અર્ધસરકારી નોકરી છોડીને તે સેવામાંથી છુટા કરવામાં આવ્યા છે/રાજીનામુ આપ્યુ છે તે અંગેનો છુટા કર્યાનો હુકમ/રાજીનામાનો હુકમ રજુ કરવાનો રહેશે.

૧૦. ઉમેદવારોને સરકારી કર્મચારી તરીકે મળતાં લાભો પૈકીના કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ, કે તેઓ આવા લાભોની માંગણી કરી શકશે નહિ.

૧૧. ઉમેદવારોને કરારીય સમયગાળા દરમિયાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે નાણાં વિભાગનાં તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ.૧ ની જોગવાઈ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

૧૨. ઉમેદવારોને કરારીય સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજાઓ તથા નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ-૧ અન્વયે રજાઓ મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજાઓ મળવાપાત્ર થશે નહિ. તે સિવાયની રજાઓ ભોગવશે તો તે રજાના દિવસના વેતનની કપાત ફીકસ પગારમાંથી કરી લેવામાં આવશે. પરંતુ મહિલા કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ ના નિયમોની જોગવાઈ મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

૧૩. ઉમેદવારોનો આ કરારીય સેવાનો સમયગાળો નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણુંકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહિ.

૧૪. ઉમેદવારોએ શાખા/કચેરીના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

૧૫. ઉમેદવારોએ સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ તેમ છતાં સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

૧૬. ઉમેદવારો પાસેથી કરારના નિમણૂકના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે મુજબ વર્તણૂક કરે તે અપેક્ષિત છે.

૧૭. ઉમેદવારોને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારના પાંચ વર્ષના સમયગાળા બાદ સંબંધિત જગ્યા ઉપર તે જગ્યાના નિયમિત પગાર ધોરણ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ ગ્રેડ પે રૂા.૨૪૦૦/- માં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૧) ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(૨) ઉમેદવારો કરારના સમયગાળા દરમ્યાન ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ને કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પસાર નહીં કરે તો તેમને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે નહીં અને તેમની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

૧૮. ઉમેદવારોને ઉપરોકત ક્રમાંકઃ(૧૭)ની જોગવાઇ મુજબ કરારના પાંચ વર્ષના સમયગાળા બાદ ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગાર ધોરણ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ અને ગ્રેડ પે રૂા.૨૪૦૦/- માં નિમણૂક આપવામાં આવશે ત્યારે-

(૧) ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ- બી (સીવીલ), વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગાર ધોરણ રૂા.૫૨૦૦-૨૦,૨૦૦ અને ગ્રેડ પે રૂા.૨૪૦૦/- માં લઘુત્તમ પગાર રૂ.૫૨૦૦+ ગ્રેડ પે રૂ.૨૪૦૦/- તથા અન્ય નિયમાનુસારના ભથ્થાંઓ મળવાપાત્ર થશે.

(૨) કરારના સમયબાદ જે તારીખે નિયમિત નિમણૂક આપવામાં આવે તે તારીખથી તેમને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગું પડશે.

૧૯. જગ્યાના અભાવે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તૂણૂકના કારણોસર અથવા ઈન્સ્ટ્રક્ટર ગ્રેડ-બી (સીવીલ), વર્ગ-૩ની જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય) તેમને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીકસ પગારનું ચૂકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. તેઓ કરારીય સમયગાળા દરમ્યાન એક

માસની નોટીસ અથવા રાજીનામું મંજૂર થયા બાદ છૂટા થઇ શકશે. પરંતુ જો કોઇ બોન્ડ આપવામાં આવેલ હશે તો તેવા બોન્ડની રકમ પણ તેમણે ચૂકવવાની રહેશે.

૨૦. ઉમેદાવારોની આ પ્રમાણે કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક થયા બાદ આ નિયમોમાં કોઇપણ પ્રકારના સુધારા વધારા થાય તો તેઓને તેવા સુધારા લાગુ પડશે.

૨૧. નિમણુંકના સ્થળે હાજર થવા માટે કોઈપણ પ્રકારનું મુસાફરી ભથ્થું મળવાપાત્ર રહેશે નહિ.

૨૨. નોકરી બદલી પાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે કર્મચારીની બદલી ગુજરાત રાજ્યમાં ગમે તે સ્થળે કરવામાં આવશે.

હાજર કરનાર અધિકારીએ ઉપરોકત બાબતોની સંપુર્ણ ચકાસણી કર્યા બાદ તથા બાંહેધરી પત્રકો મેળવીને જ હાજર કરવાના રહેશે. આ હુકમનો તાત્કાલિક અસરથી અમલ કરી તેની અત્રે જાણ કરશો. આ સાથે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર તરફથી ઉમેદવારને આપવામાં આવેલ ફાળવણીપત્રની અસલ નકલ, ઉમેદવાર દ્વારા ઓનલાઈન કરવામાં આવેલ અરજીની મેળવેલ પ્રીન્ટ નકલ તેમજ ઉમેદવારની જન્મ તારીખ, કેટેગરી તથા શૈક્ષણિક લાયકાત, શા.ખો.ખા, માજી સૈનિક, રમતવીર અંગેના ઉમેદવાર દ્વારા રજુ થયેલા પ્રમાણપત્રોની નકલ, સંબંધિત ઉમેદવારના સ્પર્ધાત્મક પરીક્ષાના હાજરીપત્રકના અડધીયાની અસલ નકલો જે તે ઉમેદવારને ફાળવેલ સંસ્થામાં મોકલી આપવામાં આવે છે. જે મળ્યા બદલની પહોંચ સંબંધિત સંસ્થાઓએ અચુક મોકલી આપવાની રહેશે.

નોંધ પર નિયામકશ્રીની મંજુરી મળેલ છે.

સંયુકત ટેકનિકલ શિક્ષણ નિયામક
ગુજરાત રાજય, ગાંધીનગર

પ્રતિ

નકલ સવિનય રવાના:-

૧. અગ્રસચિવશ્રી,ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ,શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર તરફ જાણ સારૂ.

૨. સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર તરફ જાણ સારૂ.

નકલ રવાના:-

૧. સંબંધિત સંસ્થાઆના વડાઓ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ.

૨. સંબંધિત કર્મચારીઓ તરફ ઉકત આદેશની નકલ અત્રેની વેબસાઈટ પરથી મેળવીને સંબંધિત સંસ્થાઓમાં નિયત સમય મર્યાદામાં હાજર થવા સારૂ.

૩. કચેરી આદેશ ફાઈલ સારૂ(ધ.પ)

નકલ રવાના

પ્રતિઃ(રજીસ્ટર એ.ડી)

| NO | NAME | ADDRESS |
|---|---|---|
| 1 | JAYVIRSINH HARPALSINH ZALA | RADHIKA PARK- III, RAJLAXMI MAIN ROAD, ST NO.6, NEAR RAILWAY CROSSING, MORBI ROAD, RAJKOT- 360003 |
| 2 | DIPAKKUMAR RAGHANATHBHAI CHOUDHARY | AT. POST- GHODIYAL, TA.VADGAM, BANASKANTHA (palanpur)- 385421 |
| 3 | RAKESHBHAI OGHADBHAI AHIR | 78/ PANCHWATI PARK, NR- RAGHUVIR SCHOOL, GOPAL CHOWK, NAVA NARODA, AHMEDABAD- 382346 |
| 4 | DIPAK KALUBHAI SENTA | 13, KHARAK STREET, KUMBHAN, MAHUVA, BHAVNAGAR-364290 |
| 5 | MOIN MUNAFBHAI SHAIKH | 4848, GHABCHIWADA, NR.MASJID, KAPADWANJ, KHEDA (nadiyad)- 387620 |